# વિક્કી કૌશલ ફરી પાછો દેશભક્તિનો જુવાળ જગાડશે?

*‘ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઇક’થી દેશના કરોડો દર્શક પર છવાઈ જનાર વિક્કીની સફળતાનો ગ્રાફ દિનપ્રતિદિન ઊંચે જ જઈ રહ્યો છે. બહુ થોડા સમયમાં બોલીવૂડમાં પોતાનું ખાસ સ્થાન જમાવનાર વિક્કીની ‘સેમબહાદુર’ અને ‘સરદાર ઉધમસિંહ’ જેવી દેશભક્તિથી ભરપૂર ફિલ્મો ઉપરાંત અનેક ફિલ્મો આવી રહી છે એના પર થોડી નજર નાખીએ.*

પ્રથમેશ મહેતા



### સરદાર ઉધમસિંહ

ઉધમસિંહ નામના એક સ્વાતંત્ર્યસેનાનીનું પાત્ર વિક્કી કૌશલ મોટા પરદે ભજવી બતાવશે. ઉલ્લેખનીય છે કે ઉધમસિંહે ૧૯૧૯માં થયેલા જલિયાંવાલા બાગ હત્યાકાંડનો બદલો લેવા બ્રિટિશ ઓફિસર માઇકલ ડાયરની હત્યા કરી હતી.



### ધ ઇમ્મોર્ટલ અશ્વત્થામા

વિક્કી કૌશલ મહાભારતના અમર યોદ્ધા અશ્વત્થામાના પાત્રને મોટે પરદે રજૂ કરશે. નિર્માતાઓએ આ ફિલ્મનાં બે પોસ્ટર્સ પણ રજૂ કર્યાં છે. સૂત્રોનું માનીએ તો ફિલ્મમાં વિક્કીની સાથે લીડ રોલમાં સારા અલી ખાન પણ નજરે પડશે.

### તખ્ત

કરણ જોહરના દિગ્દર્શનમાં બનવા જઇ રહેલી આ ફિલ્મ અત્યારે અટકાવી દેવામાં આવી છે. આ ફિલ્મમાં વિક્કીની મહત્ત્વની ભૂમિકા રહેશે. સૂત્રોનું માનીએ તો નિર્માતાઓ અત્યારે ફિલ્મની પટકથા પર કામ કરી રહ્યા છે.





### સેમબહાદુર

આ ફિલ્મમાં વિક્કી ફિલ્ડ માર્શલ સેમ માણેકશાની ભૂમિકા ભજવતો નજરે પડશે. આ ફિલ્મ ભારતીય લશ્કરના આઠમા ચીફ માણેકશાની જિંદગી પર આધારિત હશે.

### યશરાજ બેનરની આગામી ફિલ્મ

વિક્કીએ થોડા દિવસો પૂર્વે જ યશરાજ બેનર હેઠળ બની રહેલી ફિલ્મનું શૂટિંગ શરૂ કરી દીધું છે. આ ફિલ્મમાં તેની સાથે અભિનેત્રી તરીકે ભૂતપૂર્વ મિસ વર્લ્ડ માનુષી છિલ્લર નજરે પડશે. ■



# શરીરને ‘ઘડવામાં’ માહેર આ અભિનેત્રીઓ



મુકેશ પંડ્યા

બોલીવૂડમાં હવે મહિલાઓનું કામ અગાઉની સરખામણીએ ઘણું બદલાઇ ચૂક્યું છે. પહેલાના સમયમાં અભિનેત્રીઓ મોટે ભાગે ગલેમરસ રોલ કે અબળા નારીનાં પાત્રો જ ભજવતી જોવા મળતી, પરંતુ હવે પરિસ્થિતિ બદલાઇ ચૂકી છે. હવે તેઓ એક્શન રોલની સાથે સાથે અનેક અનોખા પાત્ર ભજવતી થઇ ગઇ છે પછી એ કોઇ ખેલાડીનું પાત્ર હોય કે ગર્ભવતી મહિલાનું. હીરોની જેમ જ હીરોઇનો પણ હવે ફિલ્મનું શૂટિંગ શરૂ થાય એ પહેલા જ કોઇ પણ હિચકિચાટ વગર પાત્રને અનુરૂપ થવા વજન ઘટાડે પણ છે અને વધારે પણ છે.

જોકે, આ કામ ઘણું મુશ્કેલ હોય છે, પરંતુ બોલીવૂડની અનેક અભિનેત્રીઓએ આ કરી બતાવ્યું છે જે અન્ય લોકો માટે ખરેખર પ્રેરણારૂપ છે. ચાલો આજે આપણે એવી અભિનેત્રીઓ વિશે જાણીએ જેમણે પોતાના શરીર-વજનમાં યોગ્ય ફેરફાર કરીને દર્શકોને સુખદ આંચકો આપ્યો હોય.

### કૃતિ સેનન

કૃતિ ફિલ્મ મીમીમાં એક ગર્ભવતી મહિલાનું પાત્ર નિભાવતી જોવા મળશે. આ ફિલ્મ માટે કૃતિએ ૧૫ કિલો વજન વધાર્યું છે. તે કહે છે કે વજન વધારવું કોઇ સરળ કામ ન હતું. એ માટે મારે નાસ્તા, મીઠાઇ વિગેરે વધુને વધુ પ્રમાણમાં ખાવું પડ્યું હતું.

### તાપસી પન્નુ

તાપસી પન્નુનું નામ બોલીવૂડની એવી અભિનેત્રીઓમાં સામેલ છે જે સફળતા હાંસલ કરવા માટે મહેનતની કોઇ પણ હદને પાર કરી શકે છે. તાપસી અત્યારે ‘રશ્મિ રૉકેટ’ ફિલ્મ માટે ઘણી મહેનત કરી રહી છે. ફિલ્મમાં એક દોડવીર- એથ્લિટ જેવી દેખાવા માટે તેણે ન ફક્ત પોતાનું વજન વધાર્યું છે, પરંતુ સ્નાયુબદ્ધ શરીર પણ બનાવ્યું છે. તેનો હાલનો દેખાવ જોઇને દર્શકો અચંબામાં પડી શકે છે.

### કંગના રણૌત

કંગનાની ફિલ્મ થલાઇવી ટૂંક સમયમાં મોટા પડદા પર રજૂ થશે. આ ફિલ્મમાં તે જયલલિતાના પાત્રમાં નજરે પડશે, દિવંગત મુખ્યમંત્રીના પાત્રમાં ફિટ થવા માટે કંગનાએ લગભગ ૨૦ કિલો વજન વધાર્યું હતું. આ દેખાવને પણ ઘણી પ્રશંસા મળી હતી. જોકે, શૂટિંગ પૂરું થયા બાદ તેણે પોતાનું વજન ઉતારી દીધું હતું.

### સોનાક્ષી સિંહા

સોનાક્ષીએ જ્યારે બોલીવૂડમાં પ્રવેશ કર્યો ત્યારે એણે ઘણું બધું વજન ઓછું કર્યું હતું અને પછી પણ આ લાઇનમાં ટકી રહેવા તેણે શરીરની જાળવણી ચાલુ રાખી હતી. અત્યારે એ ઘણી પાતળી થઇ ચૂકી છે. સોનાક્ષીએ ફિલ્મ ‘અકીરા’ માટે ઘણી મહેનત કરી હતી. માર્શલ આર્ટ્સ શીખવા માટે તે ૩૦ દિવસના વર્કશોપમાં પણ જોડાઇ હતી.

### પ્રિયંકા ચોપડા

હૉલીવૂડ ફિલ્મોમાં પણ સફળતાના શિખરો સર કરી રહેલી પ્રિયંકા ચોપડા એ ‘મેરી કૉમ’ ફિલ્મમાં કામ કર્યું હતું. આ ફિલ્મ એક મહિલા ખેલાડી પર આધારિત હતી જેના બાવડાં એક સ્પોર્ટ્સ-વુમનને છાજે એવાં હતાં. પ્રિયંકાએ પણ આવાં જ બાવડાં બનાવવા ખાસ્સી મહેનત કરી હતી. ખૂબ તાલીમ લીધી હતી. આ પાત્રથી પ્રિયંકાએ દર્શકોને ખૂબ પ્રભાવિત કરી દીધા હતા. ■

# લો બોલો! ફિલ્મ એક અને રિમેક પાંચ

નિધિ ભટ્ટ

આજકાલ રિમેક ફિલ્મોનો જમાનો છે. એમાંય હૉલીવૂડ અને સાઉથની ફિલ્મોમાંથી બૉલીવૂડની ફિલ્મ બનાવવાનો તો જાણે ટ્રેન્ડ બની ગયો છે. એકાદ રિમેક બને તો વાંધો નહીં, પણ આ તો એક જ ફિલ્મમાંથી પાંચ ફિલ્મો બને તો? નવાઇ લાગે. આપણને ઘણી વાર એવો વિચાર પણ આવે કે શું ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં નવી ફિલ્મની સ્ટોરીઓનો દુકાળ પડ્યો છે કે આમ એકની એક સ્ટોરીમાંથી પાંચ-પાંચ ફિલ્મો બનાવવામાં આવી રહી છે.

આટલું બધું કહી દીધું પણ એ જણાવવાનું રહી ગયું કે તે કઈ ફિલ્મ છે જેમાંથી પાંચ ફિલ્મો બનવાની છે. તો જણાવી દઉં કે આ એક સ્પેનિશ ફિલ્મ છે, જેમાંથી હિન્દી, મરાઠી, બંગાળી, તમિલ અને તેલુગુમાં રિમેક બનવાની છે. આ સ્પેનિશ ફિલ્મનું નામ છે ‘જુલિયાસ આઇસ’.

ફિલ્મનું નામ જાણ્યા બાદ આપણા મનમાં ચોક્કસ એવો સવાલ થાય કે એવું તે વળી શું છે આ ફિલ્મમાં કે તેના પરથી પાંચ રિમેક બનાવવામાં આવી રહી છે? તો ટૂંકમાં તમને ફિલ્મની સ્ટોરી પણ જણાવી દઇએ. આ એક યુવતીની સંઘર્ષની કહાણી છે, જેની આંખોની રોશની જવાની છે અને તે તેની બહેનના હત્યારાની ભાળ મેળવવા માટે અથાક પ્રયત્નો કરી રહી છે.

આ સ્પેનિશ ફિલ્મની સ્ટોરી પરથી બનનાર ફિલ્મો અંગે હવે આપણે વારાફરતી વાત કરીએ. સૌથી પહેલાં હિન્દી રિમેકની વાત કરીએ. અભિનેત્રી તાપસી પન્નુ આ ફિલ્મનું નિર્માણ કરી રહી છે. એક નિર્માતા તરીકેની આ તેની પહેલી ફિલ્મ હશે. આ ફિલ્મનું નામ ‘બ્લર’ છે. આ ફિલ્મનું શૂટિંગ નૈનિતાલમાં શરૂ થઇ ચૂક્યું છે.

આ જ સ્પેનિશ ફિલ્મ પરથી વધુ એક મરાઠી ફિલ્મ બનવા જઇ રહી છે. જાણકારી સામે આવી છે કે મરાઠી ફિલ્મ ‘અદૃશ્ય’ પણ સ્પેનિશ ફિલ્મ ‘જુલિયાસ આઇસ’ની કહાણી પર આધારિત છે. આ ફિલ્મમાં અભિનેત્રી મંજરી ફડનીસ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. એ સિવાય અભિનેતા રિતેશ દેશમુખની પણ મહત્ત્વની ભૂમિકા હશે. આ ફિલ્મનું દિગ્દર્શન કબીર લાલ કરશે.

કહેવાઈ રહ્યું છે કે કબીર લાલ ફકત મરાઠી જ નહીં, પણ બંગાળી, તમિલ અને તેલુગુમાં પણ ફિલ્મ બનાવી રહ્યા છે. બંગાળી ફિલ્મનું નામ ‘અંતર્દષ્ટિ’ છે. આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા માટે ઋતુપર્ણા સેનગુપ્તાને લેવામાં આવી છે. આ ફિલ્મનું શૂટિંગ પણ શરૂ થઇ ચૂક્યું છે. મરાઠી ફિલ્મ સાથે બંગાળી ફિલ્મમાં પણ રિતેશ દેશમુખ વિશેષ ભૂમિકામાં જોવા મળશે. દરમિયાન તમિલ ફિલ્મમાં અભિનેત્રી ગાયત્રી શંકર અને તેલુગુ ફિલ્મમાં અભિનેત્રી ઇશા ચાવલા મુખ્ય ભૂમિકા ભજવશે. નોંધનીય છે કે સ્પેનિશ ફિલ્મ ‘જુલિયાસ આઇસ’ દિગ્દર્શક ગુઇલેમ મોરેલ્સની વર્ષ ૨૦૧૦માં રિલીઝ થયેલી ચર્ચિત ફિલ્મ છે. હવે આ ફિલ્મની કહાણીના આધારે અલગ અલગ ભાષામાં કુલ પાંચ ફિલ્મો બની રહી છે. આ બધી ફિલ્મો નિર્માણના વિવિધ તબક્કા પર છે. ■



# ઐશ્વર્યા રાય પુનરાગમન કરશે ૫૦૦ કરોડની આ ફિલ્મથી...

મૌસમી પટેલ

અભિષેક બચ્ચન સાથે લગ્ન કર્યા બાદ ઐશ્વર્યા રાય વધુ ફિલ્મો નથી કરી રહી. એ પસંદગીની સ્ક્રિપ્ટ જ કરી રહી છે. એક તાજા અહેવાલ પ્રમાણે દક્ષિણના જાણીતા દિગ્દર્શક મણિરત્નમની મોટા બજેટવાળી ફિલ્મ ‘પોન્નિઇન સેલવન’થી ઐશ્વર્યા રાય બચ્ચન ફરીથી મોટા પડદે દેખાશે. ઐશ્વર્યાએ આ ફિલ્મનું પ્રથમ પોસ્ટર પણ રિલીઝ કરી દીધું છે.

મણિરત્નમ બહુ લાંબા સમયથી આ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા હતા અને હવે આ ફિલ્મ ફ્લોર પર આવી રહી છે જેને બનાવવાનો ખર્ચ લગભગ ૫૦૦ કરોડ જેટલો થશે. આ ફિલ્મ બે ભાગમાં બનાવવામાં આવશે જેનો પહેલો ભાગ ૨૦૨૨માં રજૂ થશે. ફિલ્મમાં ઍશ ઉપરાંત વિક્રમ, કાર્તી, જયમ રવિ, તૃષા કૃષ્ણન અને મોહન બાબુ પણ નજરે પડશે. એવું સંભળાઇ રહ્યું છે કે આ એક ઐતિહાસિક ફિલ્મ હશે જેને માટે મોટા મોટા ભવ્ય સેટ બનાવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે આ અગાઉ આરાધ્યાને જન્મ આપ્યા બાદ તેણે ‘ઐ દિલ હૈ મુશ્કિલ’ અને ‘ફન્ને ખાં’ દ્વારા કમબેક કર્યું હતું. આમાંથી ‘ઐ દિલ હૈ મુશ્કિલ’ બૉક્સ ઓફિસ પર સફળ રહી હતી, જ્યારે ‘ફન્ને ખાં’ને કોઇ ખાસ પ્રતિભાવ મળ્યો ન હતો. આ બન્ને ફિલ્મમાં ઍશનો ગ્લેમરસ અવતાર જોવા મળ્યો હતો અને હવે ઘણા સમય બાદ રજૂ થનારી ‘પોન્નિઇન સેલવન’ નામની આ ઐતિહાસિક ફિલ્મમાં એ વિવિધ ભારતીય વેશપરિધાન ધારણ કરશે. ■



# કરણ જોહર કોને ડેટ કરી રહ્યા છે?



કલ્પના શાહ

ધર્મા પ્રોડક્શનની વાત આવે તો સૌથી પહેલા ફિલ્મ મેકર કરણ જોહરનું નામ સામે આવે. હંમેશાં એ પોતાની ફિલ્મોને લઇને ચર્ચામાં રહે છે, પરંતુ હાલમાં તેને લઇને એક અલગ જ ખબર સામે આવી રહી છે. વાસ્તવમાં હવે કરણ જોહરે પોતાની રિલેશનશિપને લઇને એક મોટો ખુલાસો કર્યો છે. બધા જ જાણે છે કે એ એક શાનદાર હોસ્ટ છે અને હાજરજવાબી પણ છે. કરણ જોહરે હાલમાં જ એક સ્ટોરી પોસ્ટ કરી છે જેમાં તેણે પોતાનું રિલેશનશિપ સ્ટેટસ બતાવ્યું છે.

તેણે પોસ્ટમાં લખ્યું હતું કે, ‘મને લાગે છે કે હું ફક્ત ઇન્સ્ટાગ્રામને જ ડેટ કરીશ. કોઇ બીજો પાર્ટનર મને લાઇક, બ્લૉક, અનફોલો અને પાછું ફોલો કરવાની મંજૂરી નહીં આપે.’

કરણ જોહરની આ પોસ્ટ ઘણી પસંદ કરવામાં આવી રહી છે. બધા જ જાણે છે કે એ સોશિયલ મીડિયા પર ખૂબ સક્રિય રહે છે. જોકે, સુશાંતસિંહના મૃત્યુ બાદ કેટલાક દિવસ સુધી એ ગાયબ રહ્યા હતા.

એનું કારણ હતું ટ્રોલિંગ.. લોકો એને લગાતાર સારું ખોટું સંભળાવી રહ્યા હતા. આ નિર્માતાએ ઘણી નાની ઉંમરમાં તેના પિતા સાથે કામ કરવાનું શરૂ કરી દીધું હતું. એક ઇન્ટરવ્યૂમાં તેમણે એમ પણ જણાવ્યું હતું કે તેઓ ટ્વિંકલ ખન્નાને પસંદ કરે છે. કરણ જોહરે સરોગેસીથી મેળવેલા બે બાળકો છે યશ અને રૂહી. ઘણીવાર તેઓ તેમના બાળકોની તસ્વીર સોશિયલ મીડિયા પર પોસ્ટ કરે છે અને તેમને પ્રેમ કરતા નજરે ચઢે છે. ■